
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૮૫ | ૨૬ ડીસેમ્બર, ૨૦૨૦, શનિવાર; માગશર સુદ - ૧૨ | પાના - ૮ કિંમત રૂ. ૨.૦૦


# કોઈ ખેડૂતની જમીન નહિ છીનવાય : મોદી

**દેશના કરોડો ખેડૂતો સાથે મોદીએ સંવાદ કર્યો : ખેડૂતોને બદનામ કરીને કેટલાક રાજનીતિ ચમકાવી રહ્યા છે : મોદી : કિસાન સન્માન નિધિનો નવો હપ્તો ટ્રાન્સફર કરતાં પીએમ મોદીએ ૯ કરોડ ખેડૂતોના ખાતામાં ૧૮ હજાર કરોડ નાંખ્યા : ૨૫૦૦ કિસાન ચૌપાલ યોજાઈ**




**વડાપ્રધાને ૬ રાજ્યોના ખેડૂતો સાથે સંવાદ કરતા વિપક્ષ પર વરસ્યા : કેટલાક લોકો ખેડૂતોને ગેરમાર્ગે દોરી એમએસપી-મંડી મામલે અફવા ફેલાવે છે, કૃષિ ખરડાથી નુકસાન નથી થવાનું, કોઇની જમીન નહિ છીનવાય, દેશના ખેડૂતોને આટલા અધિકાર મળી રહ્યા છે તેમાં ખોટું શું છે? : નવો કૃષિ કાનુન ૧૦ કરોડ ખેડૂતો માટે વરદાનરૂપ છે, જે લોકોને પ્રજાએ નકારી કાઢયા તે ખેડૂતોને ભડકાવે છે, જેમણે બંગાળને બરબાદ કર્યું, તે વિચારધારાવાળા દિલ્હીમાં આંદોલન કરાવી રહ્યા છે, કેરળમાં પણ એપીએમસી માર્કેટ નથી ત્યાં તેઓ આંદોલન કેમ નથી કરતા**

નવી દિલ્હી,તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે દેશના કરોડો ખેડૂતો સાથે સંવાદ કરી રહ્યા છે. કિસાન સન્માન નિધિનો નવો હપ્તો ટ્રાન્સફર કરવામાં આવી રહ્યો છે. તેમાં ૯ કરોડ ખેડૂતોના ખાતામાં ૧૮ હજાર કરોડ રૂપિયા મોકલવામાં આવી રહ્યા છે. અટલ જયંતીના અવસર પર દેશના અલગ-અલગ હિસ્સામાં બીજેપીની ૨૫૦૦ કિસાન ચૌપાલ યોજાઈ રહી છે. ખેડૂતો સાથે સંવાદ કર્યા બાદ પોતાના સંબોધનમાં વડાપ્રધાન પશ્ચિમ બંગાળની મમતા બેનર્જી સરકાર પર આકરા પ્રહાર કર્યા. વડાપ્રધાને કહ્યું કે બંગાળની સરકારના કારણે ત્યાંના ખેડૂતોને સન્માન નિધિ યોજનાનો લાભ નથી મળ્યો.

● અનુસંધાન પાન-૭ પર

# ખેડૂત આંદોલનના અમેરિકામાં ઘેરા પ્રત્યાઘાત

**અમેરિકાના સાત સાંસદોએ વિદેશમંત્રી પોમ્પિયોને ભારતના ખેડૂત આંદોલનમાં દખલ દેવા ચિઠ્ઠી લખી : પત્ર લખનારમાં ભારતીય મૂળના સાંસદ પ્રમિલા જયપાલ પણ સામેલ છે. જયપાલ સિવાય આ લેટર પર ડોનાલ્ડ નોરક્રોસ, બ્રેંડન એપ બોયલ, બ્રાયન ફિટ્‌જપેટ્રિક, મેરી ગે સ્કૈનલન, ડેબી ડિંગલ અને ડેવિડ ટ્રોનના સાઈન છે**

વોશિંગ્ટન,તા.૨૫

અમેરિકાના સાત સાંસદોએ વિદેશ મંત્રી માઈક પોમ્પિયોને ચિઠ્ઠી લખી છે. પત્રમાં પોમ્પિયોને અપીલ કરવામાં આવી છે કે, ખેડૂત આંદોલન મુદ્દે ભારત સરકાર સાથે વાતચીત કરવી જોઈએ. પત્ર લખનારમાં ભારતીય મૂળના સાંસદ પ્રમિલા જયપાલ પણ સામેલ છે. જયપાલ સિવાય આ લેટર પર ડોનાલ્ડ નોરક્રોસ, બ્રેંડન એપ બોયલ, બ્રાયન ફિટ્‌જપેટ્રિક, મેરી ગે સ્કૈનલન, ડેબી ડિંગલ અને ડેવિડ ટ્રોનના સાઈન છે.

જોકે ભારત વિદેશી નેતાઓના ખેડૂત આંદોલન પર નિવેદનોને નકારીને તેમને આંતરિક મુદ્દાઓમાં દખલ ન દેવા કહી ચૂક્યા છે. આ પહેલાં કેનેડાના પીએમ જસ્ટિન ટ્રુડોએ ખેડૂત આંદોલનને સમર્થન આપ્યું હતું.

પોમ્પિયોને લખેલા પત્રમાં અમેરિકન સાંસદોએ કહ્યું કે, આ આંદોલનના કારણે ઘણાં ભારતીયો પ્રભાવિત થઈ રહ્યા છે. તેનું કારણ એ છે કે, તેમના સંબંધીઓ પંજાબ અથવા ભારતના અન્ય હિસ્સામાં રહે છે. તેથી તમે તમારા ભારતીય સમકક્ષ (વિદેશ મંત્રી એસ જયશંકર) સામે આ મુદ્દો ઉઠાવો. સાંસદોએ આ પત્ર ૨૩ ડિસેમ્બરે લખ્યો હતો.

સાંસદોએ કહ્યું કે, બંધારણીય પદ પર હોવાથી અમે ભારત સરકારની નેશનલ પોલિસી નિર્ધારણના અધિકારોનું સન્માન કરીએ છીએ. અમે ભારત અને વિદેશોમાં તે લોકોના અધિકારોનો પણ સ્વીકાર કરીએ છીએ જે અત્યારે કૃષિ કાયદાના વિરોધનમાં શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહ્યા છે. કારણકે તેઓને આ કાયદાથી આર્થિક નુકસાનનો ભય છે.

# કૃષિ કાયદાઓને એક વર્ષ માટે લાગુ થવા દો : રાજનાથ સિંહ

**જો ફાયદાકારક સાબિત નહિ થાય તો સંશોધન કરવા તૈયાર**



ન્યુ દિલ્હી,તા.૨૫

કૃષિ કાયદાઓને લઈને દિલ્હી બૉર્ડર પર પ્રદર્શન કરી રહેલા ખેડૂતોના આંદોલનને એક મહિનો પૂર્ણ થઈ ગયો છે. પોતાની માંગોને લઈને ખેડૂતો જીદે ચડ્યા છે. કૃષિ કાયદા પર પહેલીવાર કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ ની પ્રતિક્રિયા સામે આવી છે. રાજનાથ સિંહે કહ્યું કે, ‘‘કૃષિ કાયદાઓને એક વર્ષ માટે લાગુ થવા દો. જો આ ખેડૂતો માટે ફાયદાકારક સાબિત નહીં થાય તો આમાં જરૂરી સંશોધન કરવા માટે તૈયાર છીએ.’’

શુક્રવારના દિલ્હીમાં એક રેલીને સંબોધિત કરતા રાજનાથ સિંહે કહ્યું કે, ‘‘હું પ્રદર્શન કરી રહેલા તમામ ખેડૂતોને કૃષિ કાયદા પર ચર્ચા માટે આગળ આવવાની અપીલ કરું છું. વાતચીત દ્વારા દરેક મુદ્દાનો ઉકેલ આવી શકે છે. વડાપ્રધાન ઈચ્છે છે કે ખેડૂતો સાથે વાતચીત ચાલું રહે.’’ તેમણે કહ્યું કે, ‘‘અમારી સરકાર ક્યારેય એવું કંઈ નહીં કરે જે ખેડૂતોના હિતમાં ના હોય.’’ રાજનાથ સિંહે કહ્યું કે, ‘‘ધરણા પર જે લોકો બેઠા છે, તે ખેડૂત પરિવારમાં જન્મેલા ખેડૂતો છે. અમે તેમનું ઘણું જ સન્માન કરીએ છીએ.’’

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીર પર કબજા બાદ ભારત પર હુમલો કરીશું : શોએબ અખ્તર

ઈસ્લામાબાદ, તા. ૨૫

પાકિસ્તાનના પૂર્વ ઝડપી બોલર શોએબ અખ્તરે ભારત વિરોધી હળહળતુ ઝેર ઓક્યું છે. અખ્તર કોઈ આતંકીની માફક હજી પણ ‘ગઝવા-એ-હિંદ’નું સપનું સેવીને બેઠો છે. તેણે કહ્યું છે કે, અમે કાશ્મીર પર કબજો કરીશું અને ત્યાર બાદ ભારત પર હુમલો કરીશું. અખ્તરે એક ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં આ વાત કહી હતી. શોએબ અખ્તરના આ નિવેદન સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહ્યું છે. જોકે આ કંઈ પહેલીવાર નથી કે કોઈ પાકિસ્તાની ક્રિકેટરે કાશ્મીર અને ભારતને લઈને ઝેર ઓક્યું હોય. આ અગાઉ શાહિદ આફ્રિદી, જાવેદ મિયાદાદ જેવા ક્રિકેટરો પણ ભારત વિરૂદ્ધ બોલતા રહ્યાં છે.

પાકિસ્તાનના પૂર્વ ઝંઝાવાતી બોલર શોએબ અખ્તરે સમા ટીવી સાથે ખાસ વાતચીત કરી હતી. જેમાં શોએબ અખ્તર ‘ગઝવા-એ-હિંદ’ વિષે બોલી રહ્યો છે. ગઝવા-એ-હિંદનો અર્થ થાય છે ‘ભારત વિરૂદ્ધ પવિત્ર યુદ્ધ’ એટલે કે ‘જેહાદ’. અખ્તરનો આ વીડિયો જોકે જુનો હોવાનું કહેવાય છે.

# અફઘાનિસ્તાનમાં ચીનના જાસૂસીના નેટવર્કનો પર્દાફાશ : ૧૦ની ધરપકડ

**ચીન માફી ન માગે તો કાર્યવાહીની અફઘાનિસ્તાનની ચીમકી**

કાબુલ, તા. ૨૫

દુનિયામાં પોતાનું વર્ચસ્વ વધારવાનો પ્રયાસ કરી રહેલ ચીન હવે માત્ર ભારતમાં જ નહીં પરંતુ તમામ દેશોમાં જાસૂસી નેટવર્કનું વિસ્તરણ કરી રહ્યું છે. તેના પાડોશી દેશ અફઘાનિસ્તાનમાં પણ ચીનના જાસૂસ નેટવર્કનો ખુલાસો થયો છે. કાબુલ પોલીસે દરોડા પાડીને દેશમાં ગુપ્તચર માહિતી એકત્રિત કરી રહેલા ૧૦ ચીની જાસૂસોની ધરપકડ કરી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર અફઘાનિસ્તાનના નેશનલ ડિરેક્ટોરેટ ઓફ સિક્યુરિટી (એનડીએસ) એ જાસૂસી અને આતંકવાદી પ્રવૃત્તિઓ કરવા બદલ ૧૦ ડિસેમ્બરના રોજ ચીનના ૧૦ લોકોને પકડ્યા હતા. પકડાયેલા તમામ લોકો ચીનની ગુપ્તચર એજન્સી માટે કામ કરી રહ્યા હતા. તેમાંથી ૨ લોકો આતંકવાદી સંગઠન હક્કાની નેટવર્કના સંપર્કમાં હતા. હક્કાની નેટવર્કને તાલિબાનોનો ભયાનક ચહેરો માનવામાં આવે છે.

આપને જણાવી દઈએ કે અમેરિકાની અફઘાનિસ્તાનમાંથી પીછેહઠની વચ્ચે ચીન ત્યાં પોતાનો પ્રભાવ વધારવામાં વ્યસ્ત છે. આવી સ્થિતિમાં જાસૂસ નેટવર્કનો ખુલાસો તેમના માટે શરમજનક હરકત બની ગઈ છે. ચીનના અધિકારીઓએ અફઘાનિસ્તાનને પ્રભાવ ઉભો કરવા માટે દબાવાની અને ચીની નાગરિકોને છોડવાની માંગણી કરી, પરંતુ તેમની


REQUIRED
REAL ESTATE MARKETING MAN.
OFFICE BOY.
1-2 YEAR EXPERIENCE PREFERRED.
TWO WHEELER IS MUST.
PAY + PETROL + INCENTIVE.
CALL 99747 03401 98240 49098


# આંધ્રની મહિલા અને નાગપુરના શખ્સને નવા સ્ટ્રેનની શંકા

**કોરોના નવા સ્ટ્રેને દેશના તંત્રને દોડતું કર્યું : બ્રિટનથી આવેલી મહિલાને ટ્રેસ કરી હોસ્પિટલમાં દાખલ કરાઈ જ્યારે નાગપુરનો શખ્સ પણ સંક્રમિત હોવાની શંકા**

નવી દિલ્હી, તા. ૨૫

કોરોના વાયરસે સમગ્ર દુનિયામાં હાહાકાર મચાવ્યો છે. આ દરમિયાન બ્રિટનમાં કોરોનાના નવા સ્ટ્રેઈન મળી આવતાં ભૂકંપ સર્જાયો છે. હવે ભારતમાં પણ આ કોરોનાના નવા વાયરસે પ્રવેશ કરી લીધો હોવાની શંકા સેવાય છે. ભારતમાં એક મહિલા કોરોનાના નવા સ્વરૂપથી ગ્રસ્ત હોવાની શંકા સેવાય છે. આ મહિલા ક્વોરન્ટિનના નિયમોનો ભંગ કરી દિલ્હીથી આંધ્ર ટ્રેનની મુસાફરી કરીને આવી હતી. તેને ટ્રેસ કરી લેવામાં આવી હતી. પરંતુ આ પ્રવાસ દરમિયાન તેણે સંખ્યાબંધ લોકોને ચેપ લગાડ્યો હોવાની શંકા છે. આ મહિલા ખાનગી સ્કૂલમાં શિક્ષક પણ છે. આ મહિલા આંધ્રપ્રદેશના પૂર્વી ગોદાવરીના રાજામંદુરીના રામકૃષ્ણ નગરની રહેવાસી છે. આ મહિલા બ્રિટનમાં જ જન્મી છે. મીડિયાના રિપોર્ટ્સ મુજબ આ મહિલા ૨૧ ડિસેમ્બરના રોજે યુકેથી દિલ્હી એરપોર્ટ આવી હતી.



આરોગ્ય અધિકારીઓએ સતર્કતા દાખવીને પૂર્વી ગોદાવરી વહીવટીતંત્રને ફોન કર્યો હતો અને માહિતી આપી હતી કે તે મહિલા રાજમુંદરીના રામકૃષ્ણ નગરની રહેવાસી છે. સમગ્ર વહીવટીતંત્ર તેની તલાશમાં લાગી ગયું હતું. બ્રિટનથી આવ્યા બાદ આ મહિલા નવી દિલ્હીમાં અધિકારીઓને ચકમો આપવામાં સફળ રહી હતી અને ટ્રેનથી આંધ્રપ્રદેશ પહોંચી ગઇ હતી. હવે તેને રાજમહેન્દ્રવરમથી ઉપાડી લેવાઈ છે અને તેના પુત્ર સાથે તેને હોસ્પિટલમાં દાખલ કરાઈ છે. હવે તેના સ્વેબને ટેસ્ટ માટે મોકલી દેવાયા છે. એ પછી રેલવે પોલીસને દિલ્હીથી રાજમુંદરી જનાર ટ્રેનમાં ફર્સ્ટ ક્લાસ કોચમાં મળી આવી હતી. હવે વહીવટીતંત્ર તેને રાજમુંદરીમાં જ આઈસોલેશનમાં રાખશે. પરંતુ ચિંતાની વાત એ છે કે આ મહિલા એ દરમિયાન અનેક રેલ મુસાફરો, કર્મચારીઓ અને વેંડર્સ સાથે સંપર્કમાં આવી ગઇ હશે.

બીજી બાજુ સુત્રોના હવાલાથી એવું પણ કહેવામાં ?આવી રહ્યું છે કે મહિલાનો દીકરો પણ આ કોચમાં આવી શકે છે. આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું કે જ્યારે કોરોના વાયરસ પ્રારંભિક તબક્કામાં ફેલાયો ત્યારે ગોદાવરીમાં કોરોનાગ્રસ્ત પ્રથમ દરદી પ્રકાશમાં આવ્યો હતો. આ દરદી પણ બ્રિટનની મુસાફરી કરીને આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# અરુણાચલ પ્રદેશમાં જદયુના છ ધારાસભ્યો ભાજપમાં જોડાયા

ઈટાનગર,તા.૨૫

અરૂણાચલ પ્રદેશમાં જનતા દળ યૂનાઈટેડ (ત્રદ્બ)ના સાતમાંથી ૬ ધારાસભ્યો ભાજપમાં સામેલ થવાથી રાજ્યના રાજકારણમાં ટ્વિસ્ટ આવ્યો છે. રાજ્ય વિધાનસભા તરફથી જાહેર બુલેટિન અનુસાર, પીપલ્સ પાર્ટી ઑફ અરૂણાચલ (ઁછ)ના લિકાબાલી મતવિસ્તારથી કરદો નિગ્યોર પણ બીજેપીમાં સામેલ થઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે બિહારમાં જેડીયૂ અને બીજેપી સહયોગી છે અને અન્ય સહયોગીઓની સાથે મળીને તાજેતરમાં ત્યાં થયેલી વિધાનસભા ચૂંટણીમાં જીત નોંધાવી હતી.

અરૂણાચલમાં પણ પંચાયત અને મ્યુનિસિપલ ચૂંટણીના પરિણામો આવવાના છે. આવામાં આ ઉલટફેર ઘણો જ મહત્વનો મનાઈ રહ્યો છે. બુલેટિન અનુસાર, રમગોંગ વિધાનસભા ક્ષેત્રના તાલીમ તબોહ, ચાયાંગ્તાઓના હેયંગ મંગ્ફી, તાલીના જિકકે તાકો, કલાત્કંગના દોરજી વાંગ્દી ખર્મા, બોમડિલના ડોંગરૂ સિયનગ્જૂ અને મારિયાંગ-ગેકુ મત વિસ્તારના કાંગગોંગ ટાકૂ ભાજપમાં સામેલ થઈ ગયા છે.

# વહેલી પરોઢે ૨.૩ તીવ્રતાના ભૂકંપથી દિલ્હીની ધરતી ધ્રૂજી

નવી દિલ્હી,તા.૨૫

દેશની રાજધાની દિલ્હીમાં ફરી એકવાર ભૂકંપના આંચકા અનુભવાયા છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપના આંચકા શુક્રવાર સવારે ૫:૦૨ વાગ્યે અનુભવાયા. તેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૩ માપવામાં આવી છે. દિલ્હીમાં છેલ્લા કેટલાક મહિનામાં અનેકવાર ભૂકંપના આંચકા અનુભવાયા છે. મળતી જાણકારી મુજબ, દિલ્હીની સાથોસાથ એનસીઆરના કેટલાક વિસ્તારોમાં પણ હળવા આંચકા અનુભવાયા છે. દિલ્હીની પાસે આવેલા નોઈડા અને ગાજિયાબાદમાં પણ લોકોએ ભૂકંપના આંચકા અનુભવ્યા. જોકે હજુ તેની ઓફિશિયલ પુષ્ટિ નથી થઈ શકી.





